# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. વિકસિત ભારતનુ લક્ષ્ય હાંસલ કરવા માટે ટેકનોલોજીક આધારનું કામ પૂરજોશમાં હોવાનું જણાવતાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ
2. ઇડીએ ઓનલાઇન સટ્ટાબાજી એપના કેસમાં ગુગલ અને મેટાને નોટિસ ફટકારી
3. વારાણસીમાં યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા 'વિકસિત ભારત માટે નશા મુક્ત યુવા' થીમ પર કેન્દ્રિત બે દિવસીય કાર્યક્રમનું આયોજન
4. ઇઝરાઇયેલ અને સિરિયા વચ્ચે યુધ્ધ વિરામની અમેરિકાના રાજદૂતે જાહેરાત કરી
5. ભારતની ચાર મહિલા ચેસ ખેલાડીઓ એફઆઇડીઇ વિશ્વ મહિલા કપની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરીને ઇતિહાસ રચ્યો

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# TELANGANA-MIB-IIT

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે વિકાસિત ભારત લક્ષ્ય હાંસલ કરવા માટે ટેકનોલોજીકલ આધાર ઝડપથી તૈયાર કરવામાં આવી રહ્યો છે. આજે સવારે આઈઆઈટી-હૈદરાબાદ ખાતે એક પદવીદાન સમારંભ દરમિયાન ભારતના તકનીકી સંચાલિત ભવિષ્ય પર પ્રકાશ પાડતા તેમણે વિદ્યાર્થીઓને વિશ્વ કક્ષાની તકનીકીઓ અને ઉત્પાદનોની રચના કરવા વિનંતી કરી હતી.

શ્રી વૈષ્ણવે આ વર્ષે ભારતની પ્રથમ સ્વદેશી સેમિકન્ડક્ટર ચિપ શરૂ કરવાની જાહેરાત કરી હતી , જેમાં છ સેમિકન્ડક્ટર પ્લાન્ટ નિર્માણાધીન છે , જે ભારતને અગ્રણી વૈશ્વિક ખેલાડી તરીકે સ્થાન આપે છે.

તેમણે રેલવે સુધારાઓ પર પણ વાત કરી હતી , જેમાં તેમણે નોંધ્યું હતું કે પ્રથમ બુલેટ ટ્રેન 2027માં શરૂ થશે , જ્યારે વંદે ભારત વર્ઝન 3નું ઉત્પાદન ચેન્નાઈમાં કરવામાં આવશે. તેમણે મફત ડેટાસેટ્સ અને AI તાલીમ કાર્યક્રમો સાથે ભારત AI મિશનની ચર્ચા કરી હતી. વૈષ્ણવે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારત 2047 સુધીમાં ટોચની બે અર્થવ્યવસ્થાઓમાં પોતાનું સ્થાન પાછું મેળવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ED BETTING APP

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ , ઇડીએ ઓનલાઈન સટ્ટાબાજી એપના કેસમાં ટેક કંપનીઓ ગૂગલ અને મેટાને નોટિસ ફટકારી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ઇડીએ બંને કંપનીઓના પ્રતિનિધિઓને સોમવારે તેના દિલ્હી મુખ્યાલય સમક્ષ હાજર થવા માટે બોલાવ્યા છે. એજન્સી આ ઓનલાઈન સટ્ટાબાજીની એપ્સના વધુ   પ્રચાર માટે   ડિજિટલ પ્લેટફોર્મ્સની ભૂમિકાની તપાસ કરી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# NASHA MUKT YUVA FOR VIKSIT BHARAT'

વારાણસીમાં યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા 'વિકસિત ભારત માટે નશા મુક્ત યુવા' થીમ પર કેન્દ્રિત બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો હેતુ નશાકારક પદાર્થોના દૂરપયોગ સામે સામૂહિક રાષ્ટ્રીય સંકલ્પને પ્રોત્સાહન આપવાનો છે. કેન્દ્રીય મંત્રીઓ ડૉ. મનસુખ માંડવિયા , ગજેન્દ્ર સિંહ શેખાવત, ડૉ. વીરેન્દ્ર કુમાર અને અન્ય મહાનુભાવો તેમાં ઉપસ્થિત રહેશે.

પ્રસ્તુત છે એક વિશેષ અહેવાલ .

**(વોઈસ કાસ્ટ – મુકેશકુમાર)**

. . . . . . . . . . . . . . . . . . .

# GOVT-ALL PARTY MEETING

સોમવારથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્ર પહેલા સરકારે આવતીકાલે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. આ બેઠક દરમિયાન , સરકાર સંસદના બંને ગૃહોમાં સુચારુ કામગીરી સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષોનો સહકાર માંગશે. ચોમાસુ સત્ર 21 જુલાઈથી 21 ઓગસ્ટ સુધી ચાલશે. જે દરમિયાન ઘણા મહત્વપૂર્ણ વિધેયકો પર ચર્ચા થશે અને પસાર થવાની અપેક્ષા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DEPARTMENT OF POST

ટપાલ વિભાગે આગામી પેઢીની APT એપ્લિકેશન લોન્ચ કરવાની જાહેરાત કરી છે , જે ડિજિટલ શ્રેષ્ઠતા અને રાષ્ટ્ર નિર્માણ માટે સીમાચિહ્નરૂપ છે. APT એપ્લિકેશનને વધુ સારી ઉપયોગિતા , ઝડપી સેવા અને ગ્રાહકને વધુ સેવા પ્રદાન કરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે.

મંત્રાલયે જણાવ્યા પ્રમાણે આ પહેલ ભવિષ્યમાં સ્માર્ટ , કાર્યક્ષમ અને વધુ સારી ટપાલ સુવિધાઓ પૂરી પાડવાની સરકારની અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ મહત્વપૂર્ણ પહેલ હેઠળ , વિકસિત સિસ્ટમ સોમવારથી દિલ્હીની પોસ્ટ ઓફિસોમાં લાગુ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . .

# PM-MANGAL PANDEY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સ્વાતંત્ર્ય સેનાની મંગલ પાંડેને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી છે. શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે મંગલ પાંડેએ બ્રિટિશ શાસનને પડકાર ફેંક્યો હતો અને તેમની હિંમત અને બહાદુરીની વાત  દેશવાસીઓ માટે પ્રેરણાનો સ્ત્રોત બની રહેશે.

ગૃહમંત્રી અમિત શાહે પણ સોશિયલ મીડિયા પર મંગલ પાંડેને શ્રદ્ધાંજલિ આપતા તેમને દેશભક્તિના પ્રેરણા સ્ત્રોત ગણાવ્યા છે. શ્રી શાહે કહ્યું હતું કે દેશના દરેક યુવાને માતૃભૂમિ પ્રત્યે સમર્પણ માટે મંગલ પાંડેના જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ.

કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ મંગલ પાંડેને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું હતું કે તેમનો વારસો આવનારી પેઢીઓને પ્રેરણા આપતો રહેશે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પણ મંગલ પાંડેને શ્રદ્ધાંજલિ આપી અને કહ્યું કે રાષ્ટ્રીય ચેતના જાગૃત કરવામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા હતી.

. . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

……

# SIKKIM- KAILASH MANSAROVAR YATRA

કૈલાશ માનસરોવરની યાત્રા નાથુલા ઘાટથી સરળતાથી ચાલી રહી છે. આજે છઠ્ઠી ટુકડી નાથુલાથી રવાના થઈ છે. અત્યાર સુધીમાં ચાર ટુકડીઓએ સફળતાપૂર્વક તેમની યાત્રા પૂર્ણ કરી છે જ્યારે પાંચમી ટુકડી યાત્રા પૂર્ણ કર્યા પછી ગંગટોક જવા રવાના થઈ છે.

દેશભરમાંથી આવતા કૈલાશ માનસરોવરના યાત્રાળુઓને તમામ સુવિધાઓ પૂરી પાડવા માટે સેના , **ITBP, BRO, BSNL** અને સિક્કિમ સરકાર સહિત અન્ય સંસ્થાઓ સતત કાર્ય કરી રહી છે.

. . . . . . . . . . . . . . .

# UP-ACCIDENT

ઉત્તરપ્રદેશના યમુના ધોરી માર્ગ ઉપર થયેલા બે અલગ અકસ્માતોમાં લગભગ છ લોકોના મોત થયા છે જ્યારે 19 લોકો ઇજાગ્રસ્ત થયા છે.

આજે વહેલી સવારે મીની-વાન એક ટ્રક સાથે અથડાતા છ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા , જ્યારે બેને ગંભીર ઈજાઓ થઈ હતી. જ્યારે દિલ્હીથી મધ્યપ્રદેશ જઈ રહેલી એક ખાનગી બસ સવારે લગભગ ૪ વાગ્યે પલટી જતાં ૧૭ મુસાફરો ઇજાગ્રસ્ત થયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CHINA - TRF

ચીને પહલગામ આતંકવાદી હુમલાની ટીકા કરીને આ ક્ષેત્રના દેશોને પ્રાદેશિક સુરક્ષા માટે આતંકવાદ વિરોધી સહયોગ વધારવા હાકલ કરી છે. પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબાના સહયોગી ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટને આતંકવાદી હુમલામાં સંડોવણી બદલ અમેરિકા દ્વારા વિદેશી આતંકવાદી સંગઠન તરીકે નિયુક્ત કરવા અંગે , ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે ચીન તમામ પ્રકારના આતંકવાદનો વિરોધ કરે છે.

ઘણા પાકિસ્તાની આતંકવાદી જૂથો અને વ્યક્તિઓ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ પ્રતિબંધ શાસન હેઠળ સૂચિબદ્ધ છે જેમની સંપત્તિ, મુસાફરી અને શસ્ત્રો પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આમાં લશ્કર-એ-તૈયબા , જૈશ-એ-મોહમ્મદ અને જમાત-ઉદ-દાવા જેવા આતંકવાદીઓ અને સંગઠનો તેમજ હાફિઝ સઈદ અને મસૂદ અઝહરનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DAY SYRIA-ISRAEL CEASEFIRE

તુર્કીમાં અમેરિકાના રાજદૂત ટોમ બેરેકે આજે જણાવ્યું હતું કે ઇઝરાયલ દ્વારા હવાઈ હુમલા બાદ ઇઝરાયલ અને સીરિયા યુદ્ધવિરામ માટે સંમત થયા છે ,. સીરિયાના લાંબા સમયના શાસક બશર અલ-અસદના પતન પછી સરકાર તરફી દળો અને ડ્રુઝ વચ્ચે અથડામણમાં અનેક લોકો માર્યા ગયા છે.

આરબ ધાર્મિક લઘુમતી ડ્રુઝ સમુદાયને બચાવવાના ઉદેશ્ય સાથે આ યુધ્ધ વિરામની સહમતી સધાઇ છે. સીરિયાના દક્ષિણ સ્વેઇદા પ્રાંતમાં ડ્રુઝ જૂથો અને બેદુઇન કુળો વચ્ચે અથડામણમાં 300 લોકોના મોત બાદ યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી છે , આ થડામણમાં હજારો લોકો વિસ્થાપિત થયા છે , જેના કારણે માનવતાવાદી કટોકટી સર્જાઈ છે.

દરમિયાન, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને ગઈકાલે તેમના રશિયન સમકક્ષ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાતચીત કરી હતી અને ચિંતા વ્યક્ત કરી હતી કે સીરિયામાં અથડામણો સમગ્ર પ્રદેશની સ્થિરતા માટે ખતરો છે. બંને નેતાઓએ સીરિયાના દક્ષિણ પ્રાંત સ્વેઇદામાં વધી રહેલા તણાવ વિશે વાત કરી હતી.

. . . . . . . . . . . . . . . . . .

# CHESS

ચેસમાં, ગ્રાન્ડમાસ્ટર કોનેરુ હમ્પી , ડી. હરિકા અને આર. વૈશાલી અને આંતરરાષ્ટ્રીય માસ્ટર દિવ્યા દેશમુખે એફઆઇડીઇ વિશ્વ મહિલા કપની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરીને ઇતિહાસ રચ્યો છે , ભારત ટુર્નામેન્ટના અંતિમ-આઠ તબક્કામાં ચાર ખેલાડીઓ ધરાવતો પ્રથમ દેશ બન્યો છે.

તમામ ચાર મહિલાઓએ ગઈકાલે તેમની ટાઈબ્રેક મેચો જીતીને જ્યોર્જિયાના બટુમી ખાતે અંતિમ-આઠના તબક્કામાં પ્રવેશ કર્યો હતો.

. . . . . . . . . . . . . . .